DEVELOPMENTAL DISABILITIES ADMINISTRATION (DDA)

# ઉંમર (4) માટેની પાત્રતાની સમાપ્તિ બાબતે સૂચનાપત્ર

તારીખ:

ગ્રાહકનું નામ અને સરનામું

પ્રતિનિધિનું નામ અને સરનામું

ને વિષે: **ઉંમર (4) માટેની પાત્રતાની સમાપ્તિ બાબતે સૂચનાપત્ર**

તમારું બાળક હાલમાં Developmental Disabilities Administration (DDA)નું ગ્રાહક છે. DDAમાં તમારા બાળકની પાત્રતા તેનાં/તેણીનાં ચોથા જન્મદિને સમાપ્ત થાય છે. તમારું બાળક DDAમાં પાત્ર બની રહે એ માટે, તમારે તમારું બાળક ચાર વર્ષ પૂર્ણ કરે એ પહેલાં જ પુનઃ અરજી કરવી જોઈએ. તમારું બાળક નીચેની સ્થિતિઓ પૈકીની કોઈ પણ એક સ્થિતિ અન્વયે પાત્ર બનવા માટે પુનઃ નિર્દિષ્ટ થવું જોઈએ: બૌદ્ધિક અક્ષમતા, મગજનો લકવો, અપસ્માર, સ્વલીનતાની માનસિક વિકૃતિ, અન્ય કોઈ સ્નાયુ-વિજ્ઞાન વિષયક સ્થિતિ અથવા અન્ય સ્થિતિ કે જે બૌદ્ધિક અક્ષમતા જેવી હોય.

તમને એ જણાવવા માટે અમે જરૂરી દસ્તાવેજીકરણ કોષ્ટકને અટૅચ કરેલ છે કે આ પુનઃ નિર્ધારણ કરવા માટે શું-શું જરૂરી છે.

**હું કેવી રીતે પુનઃ અરજી કરી શકું છું?**

પુનઃ અરજી કરવાનાં પૅકેટ માટેની વિનંતી કરવા માટે તમારા બાળકનાં ચોથા જન્મદિનના ઓછામાં ઓછા 90 દિવસ પહેલાં DDA નાં Intake & Eligibility કર્મચારીવર્ગનો સંપર્ક કરો. તમે આમ લેખિતમાં અથવા તો નીચે સૂચિબદ્ધ કરવામાં આવેલા ટેલિફોન નંબર પર કૉલ કરવા દ્વારા કરી શકો છો. એક અરજી કરવાનું પૅકેટ તમને મેઈલ કરવામાં આવશે. આની મુલાકાત લેવા દ્વારા પણ તમે અરજી કરવાનાં દસ્તાવેજોને ઑનલાઈન પ્રાપ્ત કરી શકો છો https://www.dshs.wa.gov/dda/consumers-and-families/eligibility.

**જો હું પુનઃ અરજી ન કરું તો શું?**

જો તમે પુનઃ અરજી કરવાનાં પૅકેટ માટે કોઈ વિનંતી નહિ કરો અથવા તો જો તમે તમારા બાળકનાં જન્મની તારીખથી ઓછામાં ઓછા 60 દિવસો પહેલાં અરજી પરત નહિ કરો, તો DDA બાબતેની તમારી પાત્રતા તેનાં/તેણીનાં ચોથા જન્મદિને સમાપ્ત થઈ જશે. જો તમારું બાળક DDAમાં કોઈ ચૂકવવામાં આવેલી સેવા પ્રાપ્ત કરી રહ્યું હોય, તો આ સેવા તેનાં/તેણીનાં ચોથા જન્મદિને સમાપ્ત થઈ જશે.

**DDAમાં પાત્રતાની સમાપ્તિ થવાથી વિશેષ શૈક્ષણિક કાર્યક્રમોમાં સહભાગિતા લેવા પર અથવા તો SSIની પાત્રતા પર કોઈ અસર નહિ થાય. કે ન તો અન્ય કોઈ DSHSની સેવા પર તે અસર કરી શકશે કે જેને તમે મેળવી રહ્યા છો, જેમ કે, Medicaid, TANF અથવા food stamps.**

કૃપા કરીને જેટલો શક્ય બની શકે તેટલો જલદી જવાબ આપો, <u>પરંતુ તમારા બાળકનાં ચોથા જન્મદિનનાં ઓછામાં ઓછા 90 દિવસો પહેલાં</u>. જો અમને તમારા તરફથી કંઈ પણ જાણવા નહિ મળે, તો અમે એવું ધારી લેશું કે તમે DDA સાથે તમારા બાળકની પાત્રતાને ચાલુ રાખવા માગતા નથી. ઉંમર (4) સુધીમાં પાત્ર બનતી હોય તેવી સ્થિતિમાં જો યોગ્ય દસ્તાવેજીકરણ નહિ કરાવ્યું હોય, તો તમારા બાળકની DDA બાબતેની પાત્રતા તેમજ DDAની સેવાઓ તેનાં/તેણીનાં ચોથા (4) જન્મદિને સમાપ્ત થઈ જશે.

જો તમારે કોઈ પ્રશ્નો હોય અથવા પૅકેટ માટેની વિનંતી કરવા માગતા હો, તો કૃપા કરીને સંપર્ક કરો

નામ

ટેલિફોન નંબર

ઈમેઈલનું સરનામું

આનાં પર ઑનલાઈન અથવા વિનંતી કરવાથી પાત્રતાનું નિયમન કરતા રાજ્યનાં નિયમોની નકલ ઉપલબ્ધ થઈ શકે છે https://www.dshs.wa.gov/dda/consumers-and-families/eligibility.

સી.સી.: ગ્રાહકની ફાઈલ

## જરૂરી દસ્તાવેજીકરણ કોષ્ટક

| વિકલાંગતા અંગેની સ્થિતિ | ઉંમર | નિદાન | નિદાનકાર | અન્ય રેકૉર્ડ્સ |
|---|---|---|---|---|
| વિકાસલક્ષી વિલંબ | ઉંમર 4 થી 9 | વિકાસલક્ષી વિલંબ | એવો વ્યવસાયી કે જે વિકાસશીલ મૂલ્ય-આંકણી અથવા મૂલ્યાંકનો કરવા માટે લાયકાત ધરાવે છે | ઉંમર (4)થી (9) સરેરાશથી નીચે 1.5 માનક વિચલનોમાં થયેલ ત્રણ કે તેથી વધુ વાર વિલંબ અથવા પાછલા 12 મહિનાઓમાં કરેલા પ્રવર્તમાન મૂલ્યાંકન પર આધારિત ઘટનાક્રમનાં 25 %. |
| બૌદ્ધિક અક્ષમતા | ઉંમર 4 અને તેથી વધુ | બૌદ્ધિક અક્ષમતા | પરવાનો ધરાવનાર મનોવિજ્ઞાની, વૉશિંગટન દ્વારા પ્રમાણિત શાળાનો પરવાનો ધરાવનાર મનોવિજ્ઞાની અથવા અન્ય કોઈ શાળાનો મનોવિજ્ઞાની કે જેને National Assoc. of School Psychologists દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યો હોય | સંપૂર્ણ મનોવૈજ્ઞાનિક અહેવાલ કે જેમાં સરેરાશથી નીચે બે માનક વિચલનોથી વધુ હોય તેવો સંપૂર્ણ પાયાનો આઈ.ક્યૂ.નો આંક અને સરેરાશથી નીચે બેથી વધુ માનક વિચલનોની અનુકૂલનશીલ કૌશલ્યોની કસોટી કે જેને પાછલા 36 મહિનામાં પૂર્ણ કરવામાં આવી હોય. |
| મગજનાં ચાલક નિયંત્રણ કેન્દ્રોનાં અસામાન્ય વિકાસને કારણે હલનચલન અને ઊઠવા-બેસવાની સ્થિતિ સાથે સંબંધિત રોગ | ઉંમર 4 અને તેથી વધુ | મગજનાં ચાલક નિયંત્રણ કેન્દ્રોનાં અસામાન્ય વિકાસને કારણે હલનચલન અને ઊઠવા-બેસવાની સ્થિતિ સાથે સંબંધિત રોગ<br>ચારેચાર અંગોનો પક્ષાઘાત<br>સામાન્ય રીતે મગજમાં થયેલ ઈજા, ગાંઠ કે આઘાતનાં સહલક્ષણને કારણે શરીરની એક બાજુ થયેલો પક્ષાઘાત<br>શરીરની બન્ને બાજુએ એક જ અંગનો લકવો | પરવાનો ધરાવનાર તબીબ | ઉંમર (3) પહેલાં હુમલો આવવો તેમજ બે અથવા વધુ ક્ષેત્રોમાં દરરોજની સીધી જ શારીરિક સહાયની જરૂરિયાતનું સમર્થન કરતી માહિતી (શૌચાલયમાં જવા બાબતેની સહાયતા કરવી, સ્નાન કરાવવામાં સહાયતા કરવી, ખવડાવવામાં સહાયતા કરવી, તૈયાર કરવામાં સહાયતા કરવી, ગતિશીલ રહ્યા કરવામાં સહાયતા કરવી, અથવા વાતચીત કરવામાં સહાયતા કરવી). |
| અપસ્માર | ઉંમર 4 અને તેથી વધુ | અપસ્માર અથવા આંચકીનાં હુમલાનો વિકાર | બોર્ડ દ્વારા પ્રમાણિત ચેતાતંત્ર અને તેને અસર કરતા રોગોનાં નિષ્ણાત તબીબ | તબીબી ઈતિહાસ અને ચેતાતંત્ર અને તેને અસર કરતા રોગો સાથે સંબંધિત પરીક્ષણ પર આધારિત નિદાન, અનિયંત્રિત અને ચાલી રહેલ અથવા આવર્તક આંચકીનાં હુમલા અંગે તબીબ અથવા ચેતાતંત્ર અને તેને અસર કરતા રોગોનાં નિષ્ણાત તબીબ તરફથી પુષ્ટીકરણ, અને એવી અનુકૂલનશીલ કૌશલ્યોની કસોટી કે જેમાં સરેરાશથી નીચે બે કે તેથી વધુ માનક વિચલનોની અનુકૂલનશીલ કામગીરીમાં વાસ્તવિકપણે મર્યાદા દર્શાવવામાં આવતી હોય. |
| સ્વલીનતાની માનસિક વિકૃતિ (DSM-IV-TR દીઠ) | ઉંમર 4 અને તેથી વધુ | સ્વલીનતાની માનસિક વિકૃતિ અથવા શરૂઆતની બાલ્યાવસ્થામાં થતા મજ્જાતંતુના વિકાર સાથે સંબંધિત<br>DSM-IV-TRમાં 299.00 દીઠ | પરવાનો ધરાવનાર મનોવિજ્ઞાની, પરવાનો ધરાવનાર તબીબ અથવા સ્વલીનતાની માનસિક વિકૃતિનાં કેન્દ્ર સાથે સંકળાયેલ ARNP, વિકાસલક્ષી કેન્દ્ર, અથવા શ્રેષ્ઠતાનું કેન્દ્ર, અથવા બોર્ડ દ્વારા પ્રમાણિતઃ ચેતાતંત્ર અને તેને અસર કરતા રોગોનાં નિષ્ણાત તબીબ, માનસિક અને ભાવનાત્મક રોગોના નિદાન, સારવાર, અટકાવમાં નિષ્ણાત તબીબ, અથવા વિકાસલક્ષી અને આચરણ-વર્તણૂક-સંબંધી શિશુઓ અને બાળકોના વિકાસ અને સંભાળ તથા તેમના રોગોની સારવારનાં નિષ્ણાત તબીબ | DSM-IV-TR મુજબ સંપૂર્ણ મૂલ્યાંકન કે જે તમામ નૈદાનિક માપદંડને સંતોષતું હોય, સામાજિક, ભાષાકીય, વાતચીતનાં કૌશલ્યોમાં અથવા લાક્ષણિક અથવા કલ્પનાશીલ રમતગમતમાં ઉંમર ત્રણ (3) પહેલાં વિલંબ થયાનો અથવા વિકૃત કામગીરી બાબતેનો કોઈ પુરાવો હોય, અને એવી અનુકૂલનશીલ કૌશલ્યોની કસોટી કે જેમાં સરેરાશથી નીચે બે કે તેથી વધુ માનક વિચલનોની અનુકૂલનશીલ કામગીરીમાં વાસ્તવિકપણે મર્યાદા દર્શાવવામાં આવતી હોય. |

## જરૂરી દસ્તાવેજીકરણ કોષ્ટક

| વિકલાંગતા અંગેની સ્થિતિ | ઉંમર | નિદાન | નિદાનકાર | અન્ય રેકૉર્ડ્સ |
|---|---|---|---|---|
| શરૂઆતની બાલ્યાવસ્થામાં થતો મજ્જાતંતુનો વિકાર (DSM-5 દીઠ) | ઉંમર 4 અને તેથી વધુ | શરૂઆતની બાલ્યાવસ્થામાં થતો મજ્જાતંતુનો વિકાર 299.00<br>DSM-5 દીઠ કે જેમાં બન્ને ખાનાંમાં 2 અથવા 3ની તીવ્રતાનાં સ્તરોનો સમાવેશ થતો હોય | પરવાનો ધરાવનાર મનોવિજ્ઞાની, પરવાનો ધરાવનાર તબીબ અથવા સ્વલીનતાની માનસિક વિકૃતિનાં કેન્દ્ર સાથે સંકળાયેલ ARNP, વિકાસલક્ષી કેન્દ્ર, અથવા શ્રેષ્ઠતાનું કેન્દ્ર, અથવા બોર્ડ દ્વારા પ્રમાણિતઃ ચેતાતંત્ર અને તેને અસર કરતા રોગોનાં નિષ્ણાત તબીબ, માનસિક અને ભાવનાત્મક રોગોના નિદાન, સારવાર, અટકાવમાં નિષ્ણાત તબીબ, અથવા વિકાસલક્ષી અને આચરણ-વર્તણૂક-સંબંધી શિશુઓ અને બાળકોના વિકાસ અને સંભાળ તથા તેમના રોગોની સારવારનાં નિષ્ણાત તબીબ | DSM-V બેઠક મુજબ સંપૂર્ણ મૂલ્યાંકન કે જે તમામ નૈદાનિક માપદંડને સંતોષતું હોય, ઉંમર ત્રણ (3) પહેલાં વિલંબ થયાનો અથવા વિકૃત કામગીરી બાબતેનો કોઈ પુરાવો હોય કે જેમાં તીવ્રતાનાં સ્તરનાં માપનાં બન્ને ખાનાં બે અથવા ત્રણની તીવ્રતાનું સ્તર દર્શાવતા હોય, એવી અનુકૂલનશીલ કૌશલ્યોની કસોટી કે જેમાં બે કે તેથી વધુ માનક વિચલનોની અનુકૂલનશીલ કામગીરીમાં વાસ્તવિકપણે મર્યાદા દર્શાવવામાં આવતી હોય, તેમજ એક અથવા વધુ માનક વિચલનનું FSIQ અથવા સરેરાશથી નીચે — અથવા — DSM-IV મુજબ સ્વલીનતાની માનસિક વિકૃતિ માટેનાં તમામ માપદંડને સંતોષતું હોય. |
| અન્ય કોઈ સ્નાયુ-વિજ્ઞાન વિષયક સ્થિતિ અથવા અન્ય સ્થિતિ કે જે બૌદ્ધિક અક્ષમતા જેવી હોય | ઉંમર 4 અને તેથી વધુ | સ્નાયુ-વિજ્ઞાન વિષયક સ્થિતિ અથવા રંગસૂત્રીય વિકાર કે જે બૌદ્ધિક અને અનુકૂલનશીલ કૌશલોની ખામીઓ સર્જવા માટે જાણીતા છે | પરવાનો ધરાવનાર તબીબ | સરેરાશથી નીચે 1.5 માનક વિચલનોથી વધુ હોય તેવો સંપૂર્ણ પાયાનો આઈ.ક્યૂ.નો આંક, અને એવી અનુકૂલનશીલ કૌશલ્યોની કસોટી કે જેમાં સરેરાશથી નીચે બે કે તેથી વધુ માનક વિચલનોની અનુકૂલનશીલ કામગીરીમાં વાસ્તવિકપણે મર્યાદા દર્શાવવામાં આવતી હોય કે જેને પાછલા 36 મહિનામાં પૂર્ણ કરવામાં આવી હોય. |

**નોંધઃ આ પત્રક એ માત્ર એક સામાન્ય માર્ગદર્શિકા છે અને કદાચ DDA અતિરિક્ત માહિતી અથવા મૂલ્યાંકનો અંગેની માગણી કરી શકે છે. પાત્રતા નક્કી કરવા બાબતે આ દસ્તાવેજીકરણ એ પ્રથમ પગલું છે. WACનાં પ્રકરણ 388-823 મુજબ DDAની પાત્રતાને નક્કી કરવામાં આવે છે.**